ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ | અંક : ૪૩ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૨૪-૧૦-૨૦૧૩, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૪.૦૦ | ● પાના : ૪

### સંત શ્રી ઓધવરામ ગુરુકુલ ભવાનીપુરની બીએસએફના ડીઆઈજીએ મુલાકાત લીધી

## ગુરુકુલના માધ્યમથી જ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની રક્ષા થઈ શકશે : શ્રી અર્જુનસિંહ

સંત શ્રી ઓધવરામ ગુરુકુલ, ભાવનીપુરમાં વૈદિક દાર્શનિક વિદ્વાનોની સાથે સાથે પ્રતિષ્ઠિત રાજનેતાઓ અને સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ મુલાકાત લઈ રહ્યા છે. આ ક્રમમાં તાજેતરમાં જ કચ્છના બીએસએફના ડીઆઈજી શ્રી અર્જુનસિંહ રાઠોડ તેમના પરિવાર સાથે ગુરુકુલની મુલાકાતે આવ્યા હતા. આ અવસર પર યોજવામાં આવેલા ૨૧ કુંડિય યજ્ઞમાં પણ તેમણે સપરિવાર ભાગ લીધો હતો અને આહુતિ પ્રદાન કરી હતી. આ અવસરે બ્ર. અરૂણજી આર્યવીર અને સ્વામી શાંતાનંદજીએ યજ્ઞના લાભ સંબંધિત જાણકારી આપી હતી.



યજ્ઞ બાદ ડીઆઈજી શ્રી અર્જુનસિંહનું સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન બાદ પોતાના રોમાંચક અનુભવો યાદ કરતાં શ્રી અર્જુનસિંહે સંક્ષેપમાં જણાવ્યું હતું કે, ગુરુકુલોના માધ્યમથી જ ભારતીય સભ્યતા અને સંસ્કૃતીનું જતન થઈ શકશે. અહિંયા અભ્યાસરત બ્રહ્મચારીઓમાં અનુશાસન, નૈતિક શિક્ષણ, દેશ પ્રેમ, રાષ્ટ્રસેવા, જેવી ભાવનાયુક્ત સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે તેની તેમણે પ્રસંશા પણ કરી હતી.

આ કાર્યક્રમ બાદ બીએસએફના અનેક અધિકારીઓ સમય-સમય પર ગુરુકુલની મુલાકાત લઈ રહ્યા છે અને સત્સંગમાં ભાગ લઈ રહ્યા છે. આ તમામ અધિકારીઓનું ગુરુકુલ દ્વારા શ્રદ્ધાપૂર્વક સ્વાગત કરવામાં આવે છે. આ ઉપરાંત ગુરુકુલ દ્વારા પ્રકાશિત વૈદિક સાહિત્ય ભેંટ આપીને સન્માનીત પણ કરવામાં આવી રહ્યા છે. ખરેખર આપણાં દેશને એવા કર્તવ્ય પાલન કરનાર સંસ્કારવાન, ઈમાનદાર અધિકારીઓ અને કર્મચારીઓ છે જેમના દ્વારા આપણો દેશ ઉન્નતિ પ્રાપ્ત કરી રહ્યો છે.

### સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૧૩૬ ખેલાડીઓએ ભાગ લીધો

## ગાંધીનગર ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિનયશીપમાં હીલવુડ સ્કુલની કરાટે ટીમ પ્રથમ સ્થાને રહી

**ગાંધીનગર**

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત શાખા દ્વારા ગાંધીનગર ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપનું ૧૬મી ઓક્ટોબરનાં રોજ આયોજન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનાં સહયોગથી સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.




ગાંધીનગરની હીલવુડ સ્કુલનાં ખેલાડીઓએ સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ૧૧ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ્સ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે બીજા સ્થાને ૪ ગોલ્ડ, ૪ સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ્સ સાથે શહેરની માઉન્ટ કાર્મેલ સ્કુલની ટીમ રહી હતી. ઉંમર, વજન અને બેલ્ટ એમ ત્રણ વિભાગોમાં યોજાયેલી આ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ૧૪ શાળાનાં ૧૩૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

સવારે ઉદ્‌ઘાટન સમારોહમાં ગૃહ વિભાગનાં અધિક મુખ્ય સચિવ ડૉ. એસ. કે. નંદાએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય દ્વારા સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે કરાટે એસોસીએશનનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણા, પૂર્વ આઈએએસ અધિકારી અને રોટેરીયન શ્રી આર. આર. ચૌહાણ, શાળાનાં આચાર્ય ફાધર હેક્ટર, રોટરી ક્બલનાં પ્રમુખ શ્રી પી. એચ. ગોહિલ, પૂર્વ પ્રમુખોમાં શ્રી જગતભાઈ કારાણી, શ્રી મહેન્દ્રભાઈ ભાવસાર, શ્રીમતી અમીબહેન શાહ, પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી યશવંતભાઈ જોષી, સેક્રેટરી શ્રી શ્રીકાન્ત ત્રિવેદી, રોટે. શ્રી મનોજ સરૈયા, શ્રીમતી ઈલાબહેન વોરા સહિત અનેક રોટેરીયન હાજર રહ્યા હતા.

ડૉ. એસ. કે. નંદાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કરાટે શીખવાથી શરીર અને મન બંનેનો વ્યાયામ થતો હોવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે કરાટેનો અભ્યાસ કરવાથી શરીર મજબુત બને છે અને ખેલાડીનો મન ઉપરનો કાબુ પણ વધે છે. તેમણે કરાટેનો અભ્યાસ કરતા રહેવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કરાટેની સ્પર્ધામાં ભાગ લેવાથી થતા લાભો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

સમાપન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં સચિવ શ્રી અનીલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે પોતાના વક્તવ્યમાં

(અનુ. પાન નં. ૨


## ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

### ૧૦ નવેમ્બર થી ૧૭ નવેમ્બર, ૨૦૧૩

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

- **શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મીક મહાનુભાવોએ પોતાનું આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે.**
- **આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે.**
- **આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે.**
- **આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ ભોજન શુલ્કની રકમ રૂા. ૮૦૦/- માત્ર મનીઓર્ડર દ્વારા જ "વ્યવસ્થાપકશ્રી, યોગ શિબિર - આર્યવન"ના નામથી મોકલી નોંધણી કરાવી લેવાની રહેશે. આર્થિક કારણોસર ભોજન શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને ભોજન શુલ્કમાં છૂટ આપવામાં આવશે.**
- **શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.**



### શિબિર સ્થળ



**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭
ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭સ ૨૯૧૫૫૫, ૨૯૧૭૧૭, ૨૯૧૪૯૬
E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન્


## મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન વિશેષાંક

સાદર નમસ્તે.

આપ જાણો છો તેમ અગ્નિપથ છેલ્લા ૧૪ વર્ષથી વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે યથાસંભવ પ્રયત્નો કરી રહ્યું છે. કોઈપણ અખબાર જાહેરાત વગર ચાલી શકે નહીં. પરંતુ અગ્નિપથ સાપ્તાહિક અખબાર હોવા છતાં તેમાં સામાન્યરીતે જાહેરાતો લેવામાં આવતી નથી. ઘણી વખત **આપ આર્યસમાજના કાર્યક્રમોની જાહેરાતો જોવો છે તો તદ્દન નિ:શુલ્ક છાપવામાં આવે છે.** આમ અગ્નિપથ વૈદિક ધર્મ અને આર્યસમાજના પ્રચાર-પ્રસારનું કાર્ય છેલ્લા ૧૪ વર્ષોથી સફળતાપૂર્વક કરી રહ્યું છે.

અગ્નિપથ દ્વારા નિયમિત પ્રકાશિત થતા અંકોમાં સામાન્યરીતે વ્યવસાયિક જાહેરખબર લેવામાં આવતી નથી જેનાથી આપ સુપરિચિત છો. વર્ષમાં એકાદ બે વિશેષાંકોના પ્રકાશન દ્વારા જ આર્થિક પૂર્તતા કરવાનો તથા અખબારની મહત્તમ જગ્યા ઉપયોગી સમાચારો તથા જીવન નિર્માણમાં સહાયક લેખો દ્વારા ભરવાનો અમારો પ્રયાસ રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે.

આ વર્ષે મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે આગામી **૩૧મી ઓક્ટોબર** તથા **૭મી નવેમ્બર**નાં રોજ બે વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવનાર છે. પરમાત્માની અસીમ કૃપાથી અને આપના પુરૂષાર્થથી આપ આર્થિક રીતે સંપન્ન છો અને ધાર્મિક, સામાજિક, સેવાકીય કાર્યોમાં સહયોગ પણ પ્રદાન કરો છો. અમને આશા અને વિશ્વાસ છે કે વર્ષમાં એક વખત આપનો વ્યક્તિગત સહયોગ અમને મળી રહેશે.

**જાહેરાતની રકમ રોકડમાં, એટપારનાં ચેકથી, અગ્નિપથ ના નામના પેયેબલ એટ ગાંધીનગરના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા તો AGNIPATH A/c No. 24640200000387 Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagarના ખાતામાં જમા કરાવી શકો છો. જાહેરાતની મેટર સાથે અગ્નિપથનાં કાર્યાલયે પ્લોટ નં. : ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર પીન. ૩૮૨૦૨૧ ખાતે આપ મોકલાવી શકો છો.**

**અગ્નિપથ**

**જાહેરાતના દર**

| | |
|---|---|
| ૨ x ૧૦ | રૂા. ૧,૦૦૦/- |
| ૪ x ૧૦ | રૂા. ૨,૦૦૦/- |
| ૧/૪ પાનું | રૂા. ૫,૦૦૦/- |
| ૧/૨ (અડધુ પાનુ) | રૂા.૧૦,૦૦૦/- |
| આખું પાનું | રૂા. ૨૦,૦૦૦/- |

**વધુ વિગતો માટે સંપર્ક : હરીશ રાણા (૦૯૪૨૮૪ ૨૨૨૮૬)**

द्रढकारी मृदुर्दान्तः क्रूराचारैरसंवसन् ।
अहिंस्रो दमदानाभ्यां जयेत्स्वर्गं तथाव्रतः ॥

मनुस्मृति २४६(८४)

જે વ્યક્તિ સદા દ્રઢકારી, કોમળ સ્વભાવ અને જિતેન્દ્રિય છે તેમજ જે હિંસક, ક્રૂર અને દુષ્ટાચારી પુરુષોથી અલગ (પૃથક) રહે છે અને જે હિંસાના સ્વભાવરહિત છે, તે ધર્માત્મા પુરુષ, મનને જીતવાથી અને વિદ્યાદિ દાનથી સુખને પ્રાપ્ત કરે છે.

**તંત્રી સ્થાનેથી....**

## દેશમાં સાચું બોલવાને બદલે વોટ બેંક તૂટી ના જાય તેની ચિંતા કરવી વધારે જરૂરી છે

વોટ મેળવવાની ઘેલછા કહો કે ચિંતા રાજકારણીઓને કેવી સતાવે છે તે શ્રી નરેન્દ્ર મોદીના વિધાનો ઉપરથી સાબિત થાય છે. શોભન સરકારને આવેલ સપનાના આધારે ૧૦૦૦ ટન સોનું શોધવાની કવાયતમાં પહેલાં એક જાહેર સભામાં શ્રી નરેન્દ્ર મોદીએ વિરોધ કર્યો અને એવું વિધાન કર્યું કે આખી દૂનિયા આપણાં આવા કાર્યોની હસી ઉડાવે છે. સરકારે સોનું શોધવાને બદલે સ્વીસ બેન્કોમાં જમા થયેલ કાળુ નાણું પાછું લાવવા પ્રયત્નો કરવા જોઈએ.

જેવું નરેન્દ્ર મોદીએ વિધાન કર્યું કે તરત જ શોભન સરકાર નામના સાધુએ શ્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો. બોલ્યા પછી શ્રી મોદીને ભાન થયું કે, આ સાધુના અનુયાયીઓની સંખ્યા તો લાખોમાં છે. જો સાધુ નારાજ થઈ જશે તો લાખો હિન્દુ વોટ હાથમાંથી જતા રહેશે. આવો બોધ થતાંની સાથે જ બીજા દિવસે શ્રી મોદીએ ટ્વીટર ઉપર ટ્વીટ કરતાં શોભન સરકારની ત્યાગ અને તપસ્યાના વખાણ કર્યા. સ્થાનીક ધારાસભ્યને શોભન સરકારની નારાજગી દૂર કરવા રૂબરુ મોકલ્યા. શ્રી નરેન્દ્ર મોદીએ લેવો પડેલો યુ ટર્ન એ વાતને ઉજાગર કરે છે કે, આ દેશમાં સાચું બોલવાને બદલે વોટ બેંક તૂટી ના જાય તેની ચિંતા કરવી વધારે જરૂરી છે. જો નરેન્દ્ર મોદી એમના વિધાનને વળગી રહ્યા હોત તો નિશ્ચિતરૂપે લાખો વોટ ગુમાવવાનો વારો આવત.

ખરેખર તો સ્વપ્નને આધારે સોનું શોધવાના કેન્દ્ર સરકારના કૃત્યને કોઈપણ સંજોગોમાં ઉચિત ઠેરવી શકાય નહિં. જો કે જીઓલોજીકલ સર્વે ઓફ ઈંડિયાના સર્વેને ધ્યાને લઈએ તો જે જગ્યાએ સોનું હોવાનું સ્વપ્ન આવ્યું છે તે જગ્યા ઉપર કોઈ ધાતુ દટાયેલી હોય તેવા વૈજ્ઞાનિક પૂરાવા મળ્યા છે. કદાચ એવું પણ બને કે આ વૈજ્ઞાનિક આધારની માહિતી શોભન સરકારને વહેલા મળી ગઈ હોય અને તેણે સ્વપ્નનું નાટક રચ્યું હોય. સત્ય જે હોય તે પરંતુ જો સ્વપ્નને આધારે સોનાની શોધખોળ ચાલતી હોય તો તે મુર્ખતાની ચરમ સીમા છે.

ओ३म् अस्माकं वीरा उत्तरे भवन्तु

અગ્નિપથ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.



વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
**સત્યાર્થ પ્રકાશ**
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી નિરંતર યજ્ઞાનુષ્ઠાન કરતા પવિત્ર અને વધુ પવિત્ર બનતા રહેવું જોઈએ

**વેદવાણી** ૩ - શ્રીવેણુગોપાલજી (દર્શનાચાર્ય)

પરમેષ્ઠી પ્રજાપતિ શબ્દની વિવેચના ગત અંકમાં કરવામાં આવી છે. આથી અહીં બીજી વાર પુનરાવર્તન કરવામાં આવતું નથી.મંત્રનો દેવતા=વિષય'यज्ञ' છે.'यज' देवपूजासङ्गतीकरणदानेषु (पाणिनीय धातुपाठ भ्वादि ૭૨૯) ધાતુથી ભાવ અર્થમાં 'नङ्' પ્રત્યય જોડવાથી 'यज्ञ' શબ્દની નિષ્પત્તિ થાય છે. અર્થાત્ દેવપૂજાનો ભાવ, સંગતિકરણનો ભાવ તથા દાનનો ભાવ જે કર્મ=ક્રિયામાં છે તેનું નામ યજ્ઞ છે.'यज्ञो वै श्रेष्ठतमं कर्म' શતપથની આ પરિભાષામાં ધાત્વર્થની પરિપૂર્ણતા ભાસિત થાય છે. કેવળ અગ્નિહોત્રનું નામ યજ્ઞ નથી, પરંતુ સંપૂર્ણ શ્રેષ્ઠ કર્મોનું નામ યજ્ઞ છે.

આ મંત્રમાં યજ્ઞ તથા યજ્ઞથી થનારા પ્રયોજનોને બતાવ્યા છે. યજ્ઞ'वसु' છે અર્થાત્ પ્રાણનો આધાર છે. પરમેશ્વરનો સૃષ્ટિયજ્ઞ એક ક્ષણ માટે પણ બંધ થતો નથી. આથી આપણે જીવિત છે.આ જ રીતે આપણું જીવન પણ યજ્ઞમય (यज्ञ+मयट्) હોવું જોઈએ. જે વ્યક્તિ સમાર્થ્યાનુસાર યજ્ઞ કરે છે તે જ વ્યક્તિ જીવિત છે. જે વ્યક્તિ સામર્થ્યાનુસાર યત્નપૂર્વક યજ્ઞનું અનુષ્ઠાન ન કરી આળસુ-પ્રમાદી બની અકર્મમાં (કર્મહીનતામાં) અથવા કુકર્મમાં (કુત્સિત=નિન્દિત કર્મમાં) પ્રવૃત્તિ કરે છે તે મરેલો હોવા સમાન છે.આવા પ્રકારની મૃત્યુ માનવજીવન ધારણ કરીને ન થાય તે માટે સાવધાની રાખવી જોઈએ. આ જ ઈચ્છાથી ભગવાન પરમર્ષિ કહે છે-

**'कुर्वन् एव इह कर्माणि जिजीविषेत् शतं समाः ॥**

(यजु.૪૦-૨)

પૂરી મનુષ્યાયુ (સામાન્ય રીતે સો વર્ષ સુધી) કર્મો કરવાની ઈચ્છા રાખવાની હોય છે.અહીં કર્મનું તાત્પર્ય ખરાબ કર્મ નહીં, પરંતુ વેદપ્રોક્ત ધર્માચરણ છે. જયારે પણ માનવ ખરાબ કર્મ કરે છે ત્યારે માનો તે મૃત્યુને આલિંગન કરે છે. મહાભારતકાળમાં દુર્યોધનના નેતૃત્વમાં એટલા બધા વેદવિરુદ્ધ કર્મો કરી નાંખ્યા, જેના પરિણામે તેઓના (દુર્યોધન આદિના) જીવન જીવચ્છવ (મુર્દાની જેમ) દર્શાવ્યા છે.

ધર્મશાસ્ત્રકાર કહે છે- 'जीवन्तं मृतवन्मन्ये देहिनं धर्मवर्जितम्' ધર્મને ત્યાગતા જે જીવે છે તેને જીવતા હોવા છતાં મૃતસમાન સમજવો જોઈએ. ગીતાકાર કહે છે- 'भयैवेते निहताः पूर्वमेव निमित्तमात्रंभव सव्यसाचिन्'॥ (ગીતા.૧૧-૩૩). પાંડવો માટે મધ્યસ્થી થઈ જયારે શ્રીકૃષ્ણ કૌરવસભામાં દૂત બનીને ગયા ત્યારે શ્રીકૃષ્ણએ તેના વેદવિરુદ્ધ આચરણનું ખંડન કરી તેને મૃતપ્રાય બતાવ્યો હતો. અર્થાત્ પોતાના કર્મો દ્વારા દુર્યોધનાદિ પહેલાંથી જ મરેલા સમાન હતા, હતપ્રાણ બની ગયા હતા.

॥ पवित्रम् असि ॥ આ યજ્ઞની પ્રશંસા છે. યજ્ઞ પવિત્ર છે.(पा.धा.पाठ भ्वा.૬૯૩) ''पूङ् पवने' ધાતુથી कर्तरिचर्षिदेवतयोः (पा.अ.३.२.१८६) इत्रन् प्रत्यय લાગી पवित्रम् શબ્દ નિષ્પન્ન થાય છે. પવિત્રનો અર્થ છે શુદ્ધ કરવામાંઆવેલ. યજ્ઞ અહીં પવિત્રતાનું કારણ છે. યજ્ઞ પોતે શુદ્ધ હોવાના કારણે તેમાં એવી શક્તિ છે જે કરનારાને પણ પવિત્ર બનાવી દે છે. પવિત્ર યજ્ઞના માધ્યમથી યજ્ઞકર્તા ખુદ પવિત્ર બની જાય છે. આ આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવી જ યજ્ઞનું લક્ષ્ય છે.યજ્ઞાનુષ્ઠાન ત્યાં સુધી કરવું જોઈએ જ્યાં સુધી આત્મશુદ્ધિ પ્રાપ્ત ન થાય. અગ્નિહોત્ર કેવળ આ યજ્ઞનું ઉપલક્ષણ છે. આ પવિત્ર યજ્ઞનો અધિકારી મનુષ્યમાત્ર છે, નહીં કે કેવળ બ્રાહ્મણ કે ગૃહસ્થી. જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી નિરંતર યજ્ઞાનુષ્ઠાન કરતા પવિત્ર અને વધુ પવિત્ર બનતા રહેવું જોઈએ. આથી વેદવાણી કહે છે કે યજ્ઞ તૂંસ્વયં પવિત્ર છે અને તું યજ્ઞ કરનારને પણ પવિત્ર બનાવી દે છે. ॥ पवित्रम् असि ॥

## યજ્ઞ તું સ્વયં પવિત્ર છે અને તું યજ્ઞ કરનારને પણ પવિત્ર બનાવી દે છે.

॥ द्यौः असि ॥(पा.धातुपाठके 'द्यु अभिगमने' ધાતુથી 'द्यौः' શબ્દ નિષ્પન્ન થાય છે અથવા 'दिवु क्रीडाविजिगीषाव्यवहार द्युतिस्तुतिगतिषु'આ ધાતુથી 'द्यौः' શબ્દ નિષ્પન્ન થાય છે. આ ધાતુ ક્રીડા, જીતવાની ઈચ્છા, વ્યવહાર(ક્રયવિક્રયાદિ) કાન્તિ, સ્તુતિ અને ગતિ (જ્ઞાન,ગમન, પ્રાપ્તિ) અર્થ છે. યજ્ઞ દ્યૌઃ છે.યજ્ઞ આનંદદાયક છે=યજ્ઞથી સુખની વૃદ્ધિ થાય છે. 'स्वर्गकामो यजेत्' આ સ્મૃતિવાક્ય અતિપ્રસિદ્ધ છે. હે સ્વર્ગની કામના કરનારાઓ! યજ્ઞ કરો=શ્રેષ્ઠ કર્મોને નિરંતર કરતા રહો. તે જ સુખશાંતિનું કારણ છે. જીતવાની જેની ઈચ્છા છે, તેણે સદાય યજ્ઞ કરવો જોઈએ. સારા કામ કરનારાઓનો કદી પરાજય થતો નથી, વિજય જ થાય છે. આખી દુનિયામાં તેનો વ્યવહાર-વ્યાપાર-સંબંધ બન્યો રહે છે.ધન-દૌલત, પ્રૌઢી તેનો જ હોય છે. આખી દુનિયા તેની જ સ્તુતિગાન કરે છે જે યજ્ઞમય હોય છે. શુદ્ધજ્ઞાનની પ્રાપ્તિ,સદ્ગુણોનું સંપાદન, પ્રગતિ, સુખમય લોકની પ્રાપ્તિ તેની જ થાય છે. આથી કહેવાયું છે કે- યજ્ઞ 'द्यौः' છે. યજ્ઞ 'द्यौः' છે તો યજ્ઞકર્તા પણ 'द्यौः'થઈ જશે.॥ द्यौः असि ॥ (ક્રમશઃ)

**: ઉપદેશ કથા :**

## વડિલોની વાત નહીં માનો તો પસ્તાશો

એકવાર રમૈયા નામનો એક ઢોલવાદક અને તેનો પુત્ર કાનૂ કાંચિપુરીમાં એક વિવાહ સમારોહમાં ગયા. સમારોહ સમાપ્ત થતા તેઓ બંને ને ખૂબ ધન અને આભૂષણ ઈનામ સ્વરૂપે મળ્યું. તેઓ ખુશી-ખુશી પોતાના ઘર તરફ જવા લાગ્યાં. પિતા અને પુત્ર બંને જંગલમાંથી પસાર થઈ રહ્યા હતાં. તે સમયે પુત્ર બોલ્યો -"બાપુ, મજા આવી ગઈ. આજે તો આશા કરતા પણ વધુ કમાઈ થઈ ગઈ."

"તે ખરેખર ખૂબ સારું ઢોલ વગાડ્યું હતું બેટા. તેથી જ તો આપણા ઉપર ધનની વર્ષા થઈ છે." - રમૈયાએ ખુશ થઈ કહ્યું. જ્યારે તેઓ જંગલની વચ્ચે જઈ પહોંચ્યા તો રમૈયાના પુત્રએ ઢોલ વગાડવાનું શરૂ કર્યુ. "અરે આ શું કરી રહ્યો છે ?" રમૈયાએ ટોક્યો. "આજે તો હું ખૂબ ખુશ છું બાપુ. મારું મન વારંવાર ઢોલ વગાડવા ઈચ્છે છે."

"પરંતુ, આટલું જોરથી ન વગાડ. આ જંગલમાં ડાકુ અને લુંટારાઓ ઘણાં છે. અવાજ સાંભળીને તુરત અહીં આવી પહોંચશે." - રમૈયાએ પોતાના પુત્રને સમજાવતા કહ્યું. "તમે ચિંતા ન કરો બાપુ. હું ઢોલના પ્રચંડ ધ્વનિથી તેઓને ડરાવી દઈશ."

બીજી તરફ જંગલમાં છૂપાયેલ લુંટારાઓએ ઢોલનો અવાજ સાંભળ્યો. "લાગે છે કે કોઈ રાજા જંગલમાં શિકાર કરવા આવ્યો છે." લુંટારાઓએ વિચાર્યુ. થોડા સમય પછી રમૈયા બોલ્યો - "બેટા, હવે બસ કર. આ ધુન કેવળ એક વાર જ વગાડવામાં આવે છે." પરંતુ તેના પુત્રએ તો ન માન્યું અને ઢોલ વગાડતો જ રહ્યો.

"બંધ કર ઢોલ વગાડવાનું. તૂં માનતો કેમ નથી ? કોઈ ચોર-લુંટારાઓને ખબર પડી જશે તો ?" ખિજાઈને રમૈયાએ કાનૂને કહ્યું. "બાપુ, તમે નકામી ચિંતા કરો છો. હું લુંટારાઓને એટલા ભયભીત કરી નાંખીશ કે તેઓ અહીં આવવાનું વિચારી પણ નહી શકે." આમ કહી તે ફરી ઢોલ વગાડવા લાગ્યો.

બીજી બાજુ લુંટારાઓના સરદારે પોતાના સાથીઓને કહ્યું - "અરે, ફરી પાછી એ જ ધુન ? આનો અર્થ એ થયો કે કોઈપણ રીતે આ રાજાનું સૈન્ય ન હોઈ શકે." એક લુંટારાએ કહ્યું - "મને તો લાગે છે કે કોઈ નવા નિશાળીઆએ ખૂબ રૂપિયા કમાયા છે તેથી જ ખુશીથી તે ફુલાઈ ગયો છે." - "ઠીક છે. ચાલો, તેને લૂંટી લઈએ." - લુંટારાના સરદારે આદેશ આપ્યો.

થોડીક જ ક્ષણોમાં લુંટારાઓ ઢોલીડો અને તેના પુત્ર પાસે જઈ પહોંચ્યા. તેઓના બંને હાથમાંથી ધન અને ઝવેરાતનાં પોટલાઓને છીનવી લીધા અને ખૂબ માર મારી ભગાડી મૂક્યાં.

"મેં તો તે પહેલેથી જ ઢોલ ન વગાડવાનું કહ્યું હતું, પરંતુ તું તો માન્યો જ નહિ. આ રીતે તે તારા જ પગ પર કુહાડી મારી છે." રમૈયાએ અત્યંત દુઃખી સ્વરે કહ્યું. "મને શિક્ષા મળી ગઈ છે બાપુ. મોટાઓની વાત ન માનવાનું પરિણામ હમેશા ખરાબ આવે છે." આમ કહી તેઓ બંને ઉદાસ મને ઘર તરફ વળ્યા.

**(શિક્ષા : જે વડીલોની વાત નથી માનતા તેઓ પાછળથી પસ્તાય છે અને દુઃખી થાય છે.)**

-મહેન્દ્ર ગાંધી

## શિયાળાની ઋતુમાં શું શું કરશો ?

**આપણે ત્યાં શિયાળામાં અડદીયા જેવો પૌષ્ટિક આહાર લેવાનો રિવાજ છે. કારણ કે જઠરાગ્નિ તેજ હોવાથી ભારે ખોરાક સરળતાથી પચી જાય છે.**

ભારત ભાગ્યશાળી દેશ છે કારણ કે જેમ આ ભૂમિ ઋષિઓ, મુનિઓ, સંતો અને મહાત્માઓની ભૂમિ છે, હિમાલય જેવા પર્વતો અને ગંગા જેવી પવિત્ર નદીઓ આવેલી છે. તેની સાથે આ દેશમાં ત્રણેય ઋતુઓ પણ અનુભવાય છે અને એ ઋતુ પ્રમાણે જીવવાનું આયુર્વેદના ઋષિઓ આપણને બતાવીને તંદુરસ્તી સાથે સુખી જીવનની ચાવીઓ બતાવે છે.

**હેમંત ઋતુ :** આપણે ત્યાં શિયાળાના ચાર મહિના કારતકથી મહા સુધી માનવામાં આવે છે. પરંતુ ખરી ઠંડી તો માગસર અને પોષમાં હોય છે. આને હેમંત ઋતુથી પણ ઓળખવામાં આવે છે, આ માગસર અને પોષમાં પણ માગસર મહિનો ચઢિયાતો છે. ખુદ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં માગસરની શ્રેષ્ઠતા બતાવતા કહ્યું છે કે "મહિનાઓમાં માગસર મહિનો હું છું."

**હેમંતની અસર :** આ ઋતુમાં ઠંડી ખૂબ પડે છે, દિવસ નાનો બને છે. સૂર્યના કિરણો ત્રાસા થતા હોવાથી તાપ બરાબર લાગતો નથી. નવા ધાન્યો અને ફળો પૂર્ણ રસમાં જોવા મળે છે.

આ ઋતુમાં ઠંડી લાગવાથી ચામડીના રૂવાટાં સંકોચાઈ જાય છે અને શરીરની ગરમી બધી અંદર જાય છે. જેથી જઠરાગ્નિ રૂંધાઈને બળવાન બને છે. આથી માણસને ભૂખ સારી રીતે લાગે છે. જેથી આપણે ત્યાં અડદીયા જેવો પૌષ્ટિક આહાર લેવાનો રિવાજ છે કારણ કે જઠરાગ્નિ તેજ હોવાથી ભારે ખોરાક પચે છે.

**હેમંતમાં ખોરાક :** આ ઋતુમાં ચીકણા, ખાટા અને ખારા લેવાનો ઉલ્લેખ કરેલ છે. એટલે કે ઘઉં, ગોળ, દૂધ, ઘી અને ચોખા જેવા ચીકણાં, આમળાં, લીંબુ જેવા ખાટા અને સિંધવ, સંચળ જેવા ખારા રસોનો ઉપયોગ કરવાથી અને પૌષ્ટિક આહાર લેવાથી જઠરાગ્નિ દ્વારા પચીને શરીરની પુષ્ટિ કરે છે અને બળ વધારે છે. તેથી શરીરમાં ઉત્સાહ, આનંદ, ધૈર્ય અને ક્રાન્તિ વધે છે. આ ઋતુમાં ઘી, તેલ જેવા ચીકણા, ઘઉં, સાઠીચોખા, અડદની દાળ, મેથીની ભાજી, રીંગણા, ડુંગળી, લીલું લસણ, ફુદીનો, અજમો, જીરું અને મરી જેવા મસાલાનો ઉપયોગ કરવો. આદુની કાતરી મીઠાં સાથે લેવી. જેમ ગામડામાં કહેવત છે કે શિયાળાનું "છાણું અને જુવાનીનું નાણુ" કામ આવે છે. એમ શિયાળાનું ખાણુ પણ બાર મહીનાની પોયણી પૂરે છે.

**શિયાળામાં શું કરશો ?**

દરરોજ શરીરે માલીસ કરવાથી ચામડી ફાટતી નથી અને સ્ફુર્તિ રહે છે માલીસ માટે બલાતેલ અથવા ધાન્તવન્તર તેલ બલદાયક છે. સમયની અનુકૂળતા મુજબ આ ઋતુમાં માલીશ પછી સૂર્ય સ્નાન એટલે કે તેના કિરણોનું સેવન કરવું.

ચ્યવનપ્રાશ જેવા પૌષ્ટિક ચાટણોનો ઉપયોગ કરવો. અશ્વગંધા, શતાવારી અને સાલમ જેવા ઔષધોનું સેવન કરવું.

ખોરાકમાં પૌષ્ટિક ઘી, દૂધ જેવા પદાર્થોનું શક્તિ અને સ્થિતિ પ્રમાણે સેવન કરવું. ગુંદર, તજ, એલચી નાંખીને બનાવેલો સુંઠનો પાક ખાવો. દરરોજ ત્રણ-ચાર આમળાંનું સેવન કરો. જઠરાગ્નિ વધુ તેજ બનીને સારી રીતે પચાવે માટે ઘઉંનો લોટ, ઘી, ગોળ અને સુંઠનો પાક ખાવો.

શરીરની શક્તિ પ્રમાણે વ્યાયામ કરવો. ગરમ પાણીથી સ્નાન કરી તાજગી અને સ્ફુર્તિ પ્રાપ્ત કરો. ગરમ અથવા જાડા કપડાં દ્વારા ઠંડીથી શરીરનું રક્ષણ કરવું.

શાકમાં રીંગણા, પાલખ, મેથી, તાંદળજો, કુણાં મુળા, દૂધી, મોગરી, આદુ, લસણ, ડુંગળી વગેરેનો ઉપયોગ કરો. માટીના ગોળાનું પાણી અથવા ઠંડી વસ્તુઓનું સેવન ન કરો. ઠંડા પવનનું સેવન ન કરો. માથું અને છાતીની ઠંડીથી રક્ષા કરો.

- દયાળમુની આયુર્વેદાચાર્ય

અગ્નિપથ

**વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે આપને નમ્ર અપીલ છે કે આપ આપના સગા-સંબંધી, મિત્રોને તેમના જન્મદિન પ્રસંગે, લગ્નતિથિ તથા અન્ય શુભ પ્રસંગે અગ્નિપથનું લવાજમ ભરી ભેટ સ્વરૂપે લાભાન્વિત કરી શકો છો. આપના સહયોગ વગર વૈદિક ધર્મના પ્રચારનું કાર્ય સંભવ નથી. અમારા આ પવિત્ર કાર્યમાં સહયોગી થવા આપને હાર્દિક આમંત્રણ છે. અગ્નિપથ દરેક વાચક વર્ગ પાસે ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિ લાભાન્વિત થાય તેવી અપેક્ષા રાખી રહ્યું છે. અમને વિશ્વાસ છે કે આપ અમને નિરાશ નહિ કરો. ધન્યવાદ.................**

**અગ્નિપથ પરિવાર**

**વિશેષ નોંધ : ગુજરાતમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર નહિંવત પ્રમાણમાં થઈ રહ્યો છે. અમે તન-મન-ધનથી છેલ્લા ૧૪ વર્ષથી પ્રયાસ કરી રહ્યા છીએ.**

**આપનો સહયોગ અપેક્ષિત છે.**

## કરાટે... (પાન ૧નું શેષ)

જણાવ્યું હતું કે ગાંધીનગરમાં બાળકો ઈતર પ્રવૃત્તિમાં ઓછો રસ લેતા જોવા મળે છે. સરકારી અધિકારી/કર્મચારીઓનાં બાળકો ભણવામાં તો ધ્યાન આપે છે પણ માત્ર પુસ્તકીયા જ્ઞાનથી સર્વાંગી વિકાસ થતો નથી. ઈતર પ્રવૃત્તિમાં કરાટેના માધ્યમથી બાળકોને શારીરિક રીતે ખડતલ અને માનસિક રીતે દઢમનોબળવાળા બનાવવાનાં આ કરાટે અકેડમીનાં પ્રયત્નો પ્રસંશનીય હોવાનું તેમણે જણાવ્યું હતું. રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પૂર્વ પ્રમુખ તથા પૂર્વ આસી. ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રીમતી અમીબહેને સ્પર્ધાનું સંચાલન કરી રહેલા તમામ ટેક્નિકલ સ્ટાફની કાર્યશૈલીનાં ભરપૂર વખાણ કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

અકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગ રાણાનાં માર્ગદર્શનમાં ૨૫થી વધુ બ્લેક બેલ્ટ નિષ્ણાતોએ સ્પર્ધાનું સફળ સંચાલન કર્યું હતું. ઉદ્ઘાટન તથા સમાપન કાર્યક્રમોનું સફળ સંચાલન સીનીયર બ્લેક બેલ્ટ નિષ્ણાત સેનસાઈ શ્રી વિશાલ મિસ્ત્રીએ કર્યું હતું. જ્યારે અંતમાં આભારવિધિ રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પ્રમુખ શ્રી પી. એચ. ગોહિલે કરી હતી.

# જન્મઆધારિત વર્ણવ્યવસ્થાને બદલે ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થા જ સ્થિર રહી હોત તો કેવું સારું હતું ?




## અછૂત

આજે સરકારી ભાષામાં જેને અનુસૂચિત જાતિ કહેવામાં આવે છે, જેના ઉત્થાન અર્થે સરકાર તરફથી અનેક વિશેષ સુવિધાઓ આપવામાં આવે છે, તે એ જ જાતિ છે જેને મહાત્મા ગાંધીએ 'હરિજન' એવું એક નવું નામ આપ્યું છે. 'હરિજન' એવો વર્ગ છે, જેને હિંદુ સમાજે સદીઓથી અછૂત અને અસ્પૃશ્ય ઘોષિત કરી રાખ્યો હતો. અસ્પૃશ્યતાનું કારણ હતું જન્મ આધારિત વર્ણવ્યવસ્થા. આ જન્મ આધારિત વર્ણવ્યવસ્થામાં શૂદ્ર કુળમાં પેદા થયેલ વ્યક્તિને અછૂત કહી તેની હંમેશાં હંમેશાં માટે ઉપેક્ષા કરવામાં આવતી હતી. ફક્ત ઉપેક્ષા જ નહિ, એવી વ્યક્તિનું દર્શન કરવું, તેના પડછાયામાં આવી જવું, તેને કોઈ ઉચ્ચ સ્થાને બેઠેલી જોવી વગેરેને પણ પાપ માનવામાં આવતું, પાણી માટે સાર્વજનિક કૂવાઓ ઉપર તેમની જે બૂરી હાલત થતી તેવી હાલત તો પશુઓની પણ થતી નહોતી. અરે ! મંદિરોમાં બેઠેલા ભગવાનો પણ એમનાં દર્શન કરવાથી અપવિત્ર થઈ જશે એવો ખતરો રહેતો હતો. અછૂત પરિવારનો ભણેલ-ગણેલ બાળક પણ બીજા વર્ણના મૂર્ખ બાળકને દૂર ઊભો રહીને 'પાયલાગુ' કરતો હતો. આવા કથિત અછૂતનાં ભણેલ-ગણેલ બાળકોનો નિરાદર કરી તેમનાં કરતાં ઓછી યોગ્યતા ધરાવતાં દ્વિજોનાં અભણ બાળકોને મહત્ત્વ આપીને હિંદુ જાતિએ ધર્મના નામે બહુ જ મોટો ભેદભાવ આચર્યો હતો. આમ જે વર્ણવ્યવસ્થા માનવસમાજના કલ્યાણ માટે વરદાનરૂપ હતી તેને જન્મ આધારિત જાતિપ્રથામાં રૂપાંતરિત કરી દેવાથી એ આપણા સમાજ માટે એક અભિશાપરૂપ બની ગઈ, ઘોર સામાજિક પાપનું કારણ બની ગઈ.

આ પાપને મિટાવવા માટે અનેક સંત-મહાત્માઓએ પ્રયત્નો કર્યા. તેમણે પોતપોતાની રીતે આભડછેટને દૂર કરવા માટે સંઘર્ષો કર્યા, પરંતુ ધર્મ-ધુરંધર પંડિતો પર કોઈ ખાસ અસર થઈ નહીં. ગાંધીજીએ પણ આઝાદીની ચળવળ સાથે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્નો કર્યા, પરંતુ શાસ્ત્રોના સ્તરની વિદ્યા અને સામાજિક વિચારધારાને બદલવાની શાસ્ત્રીય વિધિ તેમની પાસે નહોતી. આથી તેમના પ્રયોગે એક નવો જ વર્ગ ઊભો કરી દીધો કે જે વર્ગ આજે સત્તા, મત અને આજીવિકાના લોભમાં પોતાને બદલવા માગતો નથી. આજે આ વર્ગ હિંદુ સમાજની ઘૃણાસ્પદ માન્યતાઓ સામે સંઘર્ષ કરવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ ખોટી માન્યતાઓને સમાપ્ત કરીને આર્યસંસ્કૃતિની મુખ્ય ધારામાં સંમિલિત થઈ જવામાં તેને હવે કોઈ રુચિ રહી નથી. આજે ધર્મપરિવર્તનની ઘટનાઓમાં હરિજનોનું નામ ઘણીવાર સંભળાય છે. સરકારી વલણ અને લોકોની ભાવના હવે હરિજનો પ્રત્યે હોવાથી ક્યારેક ક્યારેક સવર્ણ કહેવાતા લોકો હરિજનો પર અત્યાચાર કરતા રહે છે. જો આવી જન્મ આધારિત વર્ણવ્યવસ્થાને બદલે ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થા જ સ્થિર રહી હોત તો કેવું સારું હતું ? આ સમસ્યાનું એકમાત્ર સમાધાન એ જ છે. જો આર્યસમાજે આરંભ કરેલા દલિતોદ્ધારના કાર્યક્રમને સફળતા મળી હોત કે જેની પ્રેરણાએ જ ગાંધીજી અને કોંગ્રેસને પ્રભાવિત કર્યા હતાં, તો ભારતનું ચિત્ર આજે કંઈક જુદું જ હોત.

## આર્યસમાજની માન્યતાઓ

**લેખક : ગજાનંદ આર્ય ૧૨ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ**

આર્યસમાજ પૂરા હિંદુ સમાજને આર્ય માને છે. તેણે વૈદિક ગુણ-કર્મ-સ્વભાવ આધારિત વર્ણવ્યવસ્થાને પુનઃ પ્રચલિત કરવાનો પ્રયોગ પોતાના આરંભકાળથી જ કર્યો છે. 'જન્મના જાયતે શૂદ્રઃ' અર્થાત્ દરેક બાળક જન્મથી તો શૂદ્ર જ હોય છે, પરંતુ વિદ્યા પ્રાપ્ત કરે પછી જ તે બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય અર્થાત્ 'દ્વિજ' કહેવાય છે. બાળક ચાહે દ્વિજનું હોય કે શૂદ્રનું, બધાને વિદ્યાધ્યયન માટે પાઠશાળામાં મોકલવામાં આવે. જે બાળક સ્નાતક બનીને બહાર આવે તેને દ્વિજ માનવામાં આવે, અને જે અસફળ અથવા અશિક્ષિત રહે તેને શૂદ્ર ગણવામાં આવે. પરંતુ શૂદ્ર ગણવાનો એવો અર્થ બિલકુલ નથી થતો કે તેને અછૂત માનીને વ્યવહાર કરવામાં આવે. એ પણ આર્ય જ છે અને આર્યોની સમાન અધિકાર ભોગવે છે, પરંતુ તેની પાસે જ્ઞાન અને વિદ્વત્તા ન હોવાથી તેની નિયુક્તિ સેવાકાર્યોમાં કરવામાં આવે છે. આર્યસમાજનો આ વિચાર શુદ્ધ વૈદિક છે.

પ્રાચીનકાળમાં આ પ્રકારની વ્યવસ્થા હોવાથી જ જાબાલ ઋષિ અજ્ઞાત કુળમાં, વિશ્વામિત્ર ક્ષત્રિય કુળમાં અને માતંગ ઋષિ ચાંડાલ કુળમાં જન્મ લઈને પણ બ્રાહ્મણ થઈ ગયા હતો. આ વૈદિક વ્યવસ્થાનો સફળ પ્રયોગ આર્યસમાજનાં ગુરુકુળોમાં કરવામાં આવ્યો છે. 'સવર્ણ' શબ્દનો પ્રયોગ કેવળ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય માટે કરવો અયુક્ત છે. આમ કરવું સ્વાર્થભર્યું તેમ જ અજ્ઞાનમૂલક છે. સાચી વાત તો એ છે કે કુલ વર્ણો ત્રણ નહિ, બલ્કે ચાર છે. શૂદ્ર પણ ચોથો વર્ણ હોવાથી 'સવર્ણ' છે, અવર્ણ નથી. દુઃખની વાત છે કે રાજનીતિના ખેલાડીઓએ સવર્ણ-અવર્ણનો આ પ્રકારનો ભેદભાવ પોતાના સ્વાર્થ ખાતર ઊભો કરી દીધો છે.

> **શૂદ્ર પણ ચોથો વર્ણ હોવાથી 'સવર્ણ' છે, અવર્ણ નથી. દુઃખની વાત છે કે રાજનીતિના ખેલાડીઓએ સવર્ણ-અવર્ણનો આ પ્રકારનો ભેદભાવ પોતાના સ્વાર્થ ખાતર ઉભો કરી દીધો છે.**

આર્યસમાજના ઈતિહાસમાં અને વર્તમાનમાં પણ અનેક પ્રચારકો અને પુરોહિતો એવા છે કે જેમનો જન્મ તથા કથિત અછૂત વર્ગમાં થયેલો છે, પરંતુ ઉચ્ચ પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરીને તેમણે આર્યસમાજના ક્ષેત્રમાં સંમાનનીય પદ અને પ્રતિષ્ઠા મેળવ્યાં છે. આર્યસમાજના આ રચનાત્મક કાર્યક્રમમાં મુખ્ય અડચણ પૌરાણિક વર્ગ તરફથી નથી આવી, બલ્કે સરકારી આરક્ષણ (અનામત) વ્યવસ્થાના લોભે આર્યસમાજના આ દિશામાં આગળ વધતાં કદમને શિથિલ કરી દીધાં છે.

શૂદ્રની સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ એ વિષયમાં આર્યસમાજ સમાનતા ઈચ્છે છે. મહર્ષિ દયાનંદે સત્યાર્થપ્રકાશમાં લખ્યું છે : "ચારે વર્ણોએ પરસ્પર પ્રેમ, ઉપકાર, સજ્જનતા અને સહૃદયતા રાખવાં; સુખ, દુઃખ, હાનિ, લાભ આદિમાં એકમત થઈ રાજ્ય અને પ્રજાની ઉન્નતિમાં તન-મન અને ધનથી પ્રયત્ન કરવો." શૂદ્ર ભણેલો ન હોવાથી મહર્ષિજીએ લખ્યું છે : "શૂદ્રોએ સેવા કરી દ્વિજોની પાસેથી પોતાની આજીવિકા મેળવવી, અને દ્વિજ લોકોએ શૂદ્રને ખાન-પાન-વસ્ત્ર, રહેવાને માટે ઘર, તથા વિવાહ આદિમાં જે વ્યય થાય તે આપવાં, અથવા અમુક માસિક પગાર આપવો." આવી વ્યવસ્થાને ઉલ્લેખ સત્યાર્થપ્રકાશના ચોથા સમુલ્લાસમાં કરવામાં આવ્યો છે. ફક્ત આટલું જ નહિ, ઋષિએ તો ત્યાં સુધી લખ્યું છે કે, "આર્યોના ઘરમાં શૂદ્ર એટલે અશિક્ષિત સ્ત્રી-પુરુષ રસોઈ કરે." આર્યસમાજે ઋષિ દયાનંદના આ આદેશનું ઘણી હદ સુધી પાલન કર્યું છે. આર્યસમાજના પ્રારંભિક સમયમાં આવાં સુધારાવાદી કાર્યો બદલ ઘણા બધા આર્યસમાજીઓ જાતિ-રહિષ્કૃત પણ થયેલા છે. આજે તો આવી કોઈ સમસ્યા રહી નથી, પરંતુ આપણો રૂઢિચુસ્ત અને આડંબરી હિંદુ સમાજ આજે પણ ભેદભાવ અને અસ્પૃશ્યતાની બીમારીથી પોતાને મુક્ત કરી શક્યો નથી.

આભડછેટમાં માનતી વ્યક્તિઓ આ પ્રકાશની દલીલો પ્રસ્તુત કરે છે :

- શૂદ્ર લોકોનાં ખાનપાન અને રહેણીકરણી શુદ્ધ હોતાં નથી.
- શૂદ્રો અપવિત્ર (ગંદા) કાર્યો કરે છે.

જ્યાં સુધી ખાનપાન અને રહેણીકરણીનો પ્રશ્ન છે એ તો બધા જ મનુષ્યો પર એકસમાન લાગુ પડે છે. જો શૂદ્ર લોકો માંસ કે દારૂ વગેરેનું સેવન કરતા હોય તો એ અવગુણો તેમનામાંથી અવશ્ય દૂર કરવા જોઈએ. આવી જ રીતે જે લોકો દ્વિજ કહેવાય છે અર્થાત્ જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય છે, તેઓ પણ જો માંસાહારી કે શરાબી હોય તો તેમની સાથે પણ એવો જ વ્યવહાર અને ઈલાજ કરવો જોઈએ. બધા જ સાથે માનવીય આધાર પર એક જેવો વ્યવહાર કરવો જોઈએ. વળી શૂદ્રની રહેણીકરણી અર્થાત્ જીવનધોરણનું સ્તર બહુધા નીચું એટલા માટે છે કે તેની આજીવિકાનો સ્રોત કહેવાતા દ્વિજોના હાથમાં રહેલો છે. જો દ્વિજો શૂદ્ર લોકોનાં સુખ-દુઃખમાં, હાનિ-લાભમાં, વિવાહ આદિ પ્રસંગોમાં સહાયક બની રહે તો શૂદ્રોનું જીવનધોરણ પણ સુધરી શકે છે. બીજું એ પણ વિચારણીય છે કે જે કહેવાતા શૂદ્રો ભણેલ-ગણેલ, શુદ્ધ અને સાત્ત્વિક છે, તેમનાં કુટુંબો પણ 'અછૂત' ના વાડામાંથી કેમ બહાર નીકળી શકતાં નથી ? આથી આ આભડછેટની કુપ્રથાનો મુખ્ય આધાર ખાનપાન, રહેણીકરણીની અશુદ્ધતા વગેરે નથી, બલ્કે ખોટી માન્યતાઓ જ તેનું મુખ્ય કારણ છે.

આભડછેટનું બીજું કારણ અપવિત્ર ગંદાં કાર્યોનું બતાવવામાં આવે છે. એ ખરું છે કે અમુક પ્રકારના વ્યવસાયો એવા હોય છે કે જેમાં ગંદકી અને મલિનતા થતી હોય છે, પરંતુ આવાં કાર્યો માટેનો સમય મર્યાદિત રહેતો હોય છે. કાર્ય પૂરું થઈ જાય એટલે ફરીથી પવિત્ર અને શુદ્ધ થઈ જવાય છે. ઉદાહરણ તરીકે બધાં જ પુરુષો અને સ્ત્રીઓ દરરોજ જાજરૂ-પેશાબ કરતી વેળા અપવિત્ર થતાં હોય છે, પરંતુ પછી પાણી, સાધુ વગેરે દ્વારા પુનઃ શુદ્ધ-સ્વચ્છ થઈ જતાં હોય છે. માતાઓ પણ પોતાનાં બાળકોને અથવા નર્સો પણ પોતાના દર્દીઓને જાજરૂ-પેશાબ કરાવતી વખતે અપવિત્ર થઈ જાય છે, પરંતુ કાર્ય સમાપ્ત થઈ જાય પછી સ્નાન આદિ દ્વારા પુનઃ શુદ્ધ થઈ જાય છે, ડૉક્ટર પણ પોતાની લૅબોરેટરીમાં દર્દીઓનાં મળમૂત્રનું પૃથક્કરણ (ટેસ્ટ) કરતી વખતે અશુદ્ધ હોય છે, પરંતુ લૅબોરેટરીની બહાર આવી ફરીથી શુદ્ધ થઈ જાય છે. આવા જ પ્રકારનાં કાર્ય શૂદ્રોના એક વર્ગને શૌચાલયો અને ગટરો વગેરેની સફાઈ કરતી વખતે કરવાં પડે છે. આ તેમની મજબૂરી છે કે, આપણા કહેવાતા દ્વિજો (સવર્ણો) ની આ પ્રકારની સેવા પણ કરવી પડે છે, અને તેમને આપણે છી-છી કરીએ છીએ. આ આપણી ભાવનાની કમજોરી છે, નહીંતર એક નર્સ અથવા ડૉક્ટરની માફક આ લોકો પણ કાર્ય પૂરું થઈ જાય પછી સ્નાન આદિ કર્યા પછી પવિત્ર અને શુદ્ધ થતા જ હોય છે. શૂદ્ર લોકોનો એક મોટો વર્ગ એવા લોકોનો પણ છે, જેમનો વ્યવસાય મરી ગયેલાં ઢોરોનાં ચામડાંઓ સંબંધી છે. આ તેમનો ગૃહઉદ્યોગ છે. આ જ ઉદ્યોગ મોટા પાયા પર બાટા અને ફ્લૈક્સ કંપનીવાળા ચલાવી રહ્યા છે, જેના શેર ખરીદીને ભાગીદાર થવામાં કે તેમાં નોકરી કરવામાં આપણા કહેવાતા 'સવર્ણો'ને કોઈ વાંધો આવતો નથી ! જ્યારે ગામનો ચમાર કે જે બૂટ-ચંપલ બનાવે છે તેની આપણે ઘૃણા કરીએ છીએ એ કેવી નવાઈની વાત છે. હકીકતમાં તો આ ચમાર પણ જ્યારે પોતાના બૂટ-ચંપલ બનાવવાના ધંધામાંથી નિવૃત્ત થઈ જાય છે, ત્યારે તે પણ પવિત્ર અને શુદ્ધ જ હોય છે. આ વાતનો જે દ્વિજ કહેવાતા લોકો સ્વીકાર નથી કરતા, એ એમના મનની કમજોરી અથવા કુસંસ્કાર જ છે.

કુસંસ્કારો એવા તો ઘર કરી ગયા છે કે પવિત્રમાં પવિત્ર કર્મ કરનાર હરિજન તેમની દૃષ્ટિએ અછૂત છે. આથી જ સરકાર અને ગણતંત્રની શક્તિએ અછૂતોને વિશેષાધિકારો આપીને આજ સુધી થતા આવતા દુર્વ્યવહારનો બદલો લેવાનો અવસર આપી દીધો છે. ભગવાન કરે કે આપણા સમાજમાં વર્ષોથી ઘર કરી ગયેલી આ તથા કથિત સવર્ણો-અવર્ણોની મલિનતા દૂર થાય અને આપણે સૌ પુનઃ આર્યોચિત કર્તવ્યોમાં લાગી જઈએ.

**(ક્રમશઃ)**

# य आत्मदा बलदा यस्य विश्व उपासते प्रशिषं यस्य देवाः। यस्य च्छायाऽमृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम।।

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप**

**१२ संकलन : स्वामी ध्रुवदेवजी परिव्राजक**
**ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ**

**पदार्थ (१) :-**

(यः) जो जगदीश्वर (आत्मदाः) आत्मज्ञान का दाता (बलदाः) शरीर, आत्मा और समाज के बल का देने हारा (यस्य) जिसकी (विश्वे) सब (देवाः) विद्वान् लोग (उपासते) उपासना करते हैं, और (यस्य) जिसका (प्रशिषम्) प्रत्यक्ष, सत्यस्वरूप शासन, न्याय अर्थात् शिक्षा को मानते हैं,(क) (यस्य) जिस का (छाया) आश्रय ही (अमृतम्) मोक्ष सुखदायक है, (यस्य) जिसका न मानना अर्थात् भक्ति न करना ही (मृत्युः) मृत्यु आदि दुःख का हेतु है, हम लोग उस (कस्मै) सुखस्वरूप (देवाय) सकल ज्ञान के देने हारे परमात्मा की प्राप्ति के लिए (हविषा) आत्मा और अन्तःकरण से (विधेम) भक्ति अर्थात् उसी की आज्ञा पालन करने में तत्पर रहें। (संस्कार विधि)

**पदार्थ (२) :-**

हे मनुष्यों ! (यः ) जो परमेश्वर (आत्मदाः) आत्मा को देने(ख) और (बलदाः) बल देने वाला है (यस्य) जिसकी (प्रशिषं) उत्तम शिक्षा को या प्रशासन को (विश्वे) समस्त (देवाः) विद्वान् लोग (उपासते) सेवते (यस्य) जिसके समीप से सब व्यवहार उत्पन्न होते (यस्य) जिसका (छाया) आश्रय (अमृतम्) अमृतस्वरूप और (यस्य) जिसकी आज्ञा का भंग (मृत्युः) मरण के तुल्य है उस (कस्मै) सुखरूप (देवाय) स्तुति के योग्य परमात्मा के लिए हम लोग (हविषा) होमने के पदार्थ से (विधेम) सेवा का विधान करें। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.२५/मं.१३)

**व्याख्यान (१) :-**

(य आत्मदाः०) जो जगदीश्वर अपनी कृपा से ही अपने आत्मा का विज्ञान देने वाला है, जो सब विद्या और सत्यसुखों की प्राप्ति कराने वाला है, जिसकी उपासना सब विद्वान् लोग करते आये हैं, और जिसका अनुशासन जो वेदोक्त शिक्षा है उसको अत्यन्त मान्य से सब शिष्ट लोग स्वीकार करते हैं, जिसका आश्रय करना ही मोक्षसुख का कारण है और जिसकी अकृपा ही जन्ममरणरूप दुःखों को देने वाली है, अर्थात् ईश्वर और उसका उपदेश जो सत्यविद्या सत्यधर्म और सत्यमोक्ष हैं उनको नहीं मानना, और जो वेद से विरुद्ध होके अपनी कपोलकल्पना अर्थात् दुष्ट इच्छा से बुरे कामों में वर्त्तता है, उस पर ईश्वर की अकृपा होती है, वही सब दुःखों का कारण है, और जिसकी आज्ञापालन ही सब सुखों का मूल है, (कस्मै देवाय०) जो सुखस्वरूप और सब प्रजा का पति है उस परमेश्वर देव की प्राप्ति के लिए सत्य प्रेम भक्तिरूप सामग्री से हम लोग नित्य भजन करें, जिससे हम लोगों को किसी प्रकार का दुःख कभी न हो। {बलदाः = यः शरीरेन्द्रियप्राणात्ममनसां पुष्ट्युत्साहपराक्रमदृढ़त्वप्रदः = ( जो शरीर, इन्द्रिय, प्राण, आत्मा व मन को पुष्टि, उत्साह, पराक्रम व दृढ़ता प्रदान करने वाला है ।)} (ऋ.भा.भू. ईश्वरप्रार्थना विषय)

**व्याख्यान (२) :-**

हे मनुष्यों ! जो परमात्मा अपने लोगों को (आत्मदाः) जीवप्राणदाता तथा (बलदाः) त्रिविध बल - एक मानस विज्ञान बल, द्वितीय इन्द्रिय बल अर्थात् श्रोत्रादि की स्वस्थता तेजोवृद्धि, तृतीय शरीरबल महापुष्टि दृढ़ांगता और वीर्यादि वृद्धि इन तीनों बलों का जो दाता है, जिसके (प्रशिषम्) अनुशासन (शिक्षा मर्यादा) को यथावत् (देवाः)[१] विद्वान् लोग मानते हैं। (यस्य विश्व उपासते)[१] सब प्राणी और अप्राणी = जड़ चेतन, विद्वान् वा मूर्ख उस परमात्मा के नियमों को कोई कभी भी उल्लंघन नहीं कर सकता, जैसे कि कान से सुनना, आंख से देखना इसको उलटा कोई नहीं कर सकता है। जिसका छाया = आश्रय ही अमृत = विज्ञानी लोगों का मोक्ष कहाता है, तथा जिसकी अछाया (अकृपा) दुष्ट जनों के लिये वारम्वार मरण व जन्मरूप महाक्लेशदायक है।

हे सज्जन मित्रों ! वही एक परमसुखदायक पिता है। आओ अपने सब मिलके प्रेम विश्वास और भक्ति करें, कभी उसको छोड़के अन्य को उपास्य न माने। वह अपने को अत्यन्त सुख देगा इसमें कुछ सन्देह नहीं। (यजु.अ.२५/मं.१३)

(आर्याभिविनय)

**भावार्थ :-**

हे मनुष्यों ! जिस जगदीश्वर के प्रशासन में की हुई मर्यादा में सूर्यादि लोक नियम के साथ वर्तमान हैं, जिस सूर्य के बिना वर्षा और अवस्था का नाश नहीं होता(ग) वह जिसने बनाया है उसी की उपासना सब मिलकर करें।

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.२५/मं.१३)

**टिप्पणी :-**

(क) = "जब इन्द्रियां अर्थों में .................। उसी समय भीतर से आनन्द, उत्साह, निर्भयता और बुरे कर्मों में भय, शंका, लज्जा उत्पन्न होती है। वह अन्तर्यामी परमात्मा की शिक्षा है : जो कोई इस शिक्षा के अनुकूल वर्तता है वही मुक्तिजन्य सुखों को प्राप्त होता है। और जो विपरीत वर्तता है वह बन्धजन्य दुख भोगता है।" (स.प्र.नवम समुल्लास)

अतः उपर्युक्त भय, शंकादि ईश्वर की शिक्षा है : इसी आनन्द, उत्साह, भयादि का अनुभव करना ईश्वर का प्रत्यक्ष स.प्र. के सप्तम समुल्लास में कहा है वहाँ प्रश्न किया गया है कि ईश्वर में प्रत्यक्षादि प्रमाण नहीं घट सकते। तो इस उत्तर में 'इन्द्रियार्थसन्निकर्षोत्पन्न०' इस न्यायदर्शन के सूत्र को देकर यह बताया है "इस प्रत्यक्ष सृष्टि में रचना विशेषादि ज्ञानादि गुणों के प्रत्यक्ष होने से परमेश्वर का भी प्रत्यक्ष है"। फिर आनन्द, उत्साहादि का अनुभव भी परमेश्वर का प्रत्यक्ष कहा है। पुनः समाधि प्रत्यक्ष की चर्चा है। इसलिये कहा है - 'प्रत्यक्ष .......... न्याय अर्थात् शिक्षा को मानते हैं।'

(ख) = ईश्वर माता-पिता को सन्तान के रूप में तथा कृषक को, माली को फसल, वृक्ष, पौधे आदि के रूप में शरीरों के साथ आत्माओं को देता है।

(ग) = सूर्य के कारण वर्षा होती है व प्राणियों का जीवन चलता है।

**(ક્રમશઃ)**

ગુજરાતભરની તમામ આર્યસમાજો તથા વૈદિક પ્રચાર સાથે સંલગ્ન સંસ્થાઓને પોતાના સાપ્તાહિક સત્સંગ સહિતના તમામ સમાચારોને ફોટોગ્રાફ્સ સાથે મોકલી આપવા વિનંતી છે. આપ ઈ-મેઈલના માધ્યમથી પણ સમાચાર મોકલી શકો છો.

**: કાર્યાલય :**

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧

E-mail :
agnipathgnr@gmail.com

# ઈશ્વર, જીવ, પ્રકૃતિ - આ પદાર્થો અનાદિ છે તે વાત જ્યાં સુધી બુદ્ધિમાં બેસશે નહીં ત્યાં સુધી વ્યક્તિની ઉન્નતિ થઈ શકશે નહીં

૨૯ સત્ય અને અસત્યનો નિશ્ચય કરવાની કસોટીઓ -

૩૫ ઘણું કરીને મનુષ્ય વિચારે છે કે હું સારામાં સારું કાર્ય કરૂં, સર્વ લોકોમાં, સમાજ, દેશ, વિશ્વમાં મારી પ્રતિષ્ઠા, માન-સન્માન થાય. પરંતુ તે એમ નથી વિચારતો કે શું લોકો તેના કાર્યને અનુરુપ તેને પૂરેપુરું સન્માન આપી શકશે ? તેઓ તે એ કાર્યને પુરું જાણી પણ શકતા નથી. તો પછી તેઓની પાછળ શા માટે દોડવું ? ઈશ્વર તો સર્વ કંઈ જાણે છે, પ્રત્યેક કર્મનું ન્યાયાનુસાર ઠીક ઠીક ફળ પણ દે છે તેથી તેમને જ સમર્પિત થવું જોઈએ, તેમની જ ભક્તિ કરવી જોઈએ, બીજાની નહીં.

૩૬ ઉપાસના કાળના નિયમ બનાવી લેવા જોઈએ કે -

**પહેલો** - હવેથી હું ઈશ્વર સિવાય કોઈ પણ અન્ય વિષયનું ચિંતન નહીં કરૂં, જો કોઈ અતિ આવશ્યક કામ આવી જાય તો તેને નિપટાવી ફરી ઈશ્વરને વિષય બનાવી ઉપાસના કરીશ.

**બીજો** - મનને જડ માનીને પોતાની ઈચ્છાનુસાર ચલાવવું છે એવો મનમાં નિશ્ચય હોવો જોઈએ.

**ત્રીજો** - વ્યક્તિ ઘણું કરીને સાંસારિક વિષયોમાં સુખ અને ઈશ્વરમાં દુઃખ માને છે. જ્યારે તેને ખબર પડે છે કે ઈશ્વરમાં અનંત સુખ છે અને સાંસારિક સુખ તો દુઃખ મિશ્રીત છે ત્યારે તે સાંસારિક સુખને છોડીને ઈશ્વરની ઈચ્છા કરતો રહી ઉપાસના કરે છે, અને નિશ્ચય કરે છે કે હવેથી હું ઈશ્વરને જ પકડી રાખીશ. છોડીશ નહીં.

## સત્યોપદેશ

ઉપદેશક - સ્વામી સત્યપતિજી

અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૧૬



૩૭ જ્યાં સુધી સંસાર અનિત્ય દેખાશે ત્યાં સુધી ઈશ્વર વિષય બની રહેશે, સાંસારિક પદાર્થના વિષય નહીં બને. જો સંસાર આલંબન બની જાય તો ઈશ્વર છૂટી જાય, અર્થાત જ્યાં સુધી સંસારમાં કોઈ પ્રયોજન શેષ રહે ત્યાં સુધી સંસાર નિત્ય દેખાશે અને આલંબન બનેલું રહેશે. સંસારના કોઈ પણ પદાર્થની જો ઈચ્છા રહેલી હશે તો ઈશ્વર આલંબનનો વિષય નહીં બની શકે.

૩૮ **ઈશ્વર, જીવ, પ્રકૃતિ** - આ ત્રણ પદાર્થો અનાદિ છે તે વાત જ્યાં સુધી બુદ્ધિમાં બેસશે નહીં ત્યાં સુધી વ્યક્તિની ઉન્નતિ થઈ શકશે નહીં. લાખો ભૌતિક વિજ્ઞાનિકો ગમે તેટલા પ્રયત્નો કરે પરંતુ વેદ, દર્શન, ઉપનિષદને ઠીક પ્રકારે જાણ્યા વગર પ્રયત્નો કરશે તો તે નિષ્ફળ જશે અને તેનો ઠીક ઉપયોગ કરી શકશે નહીં. ઈશ્વર, જીવ, અને પ્રકૃતિને બુદ્ધિમાં બેસાડવાના ઉપાય-

**પહેલો** - એ નિર્ણય કરવો કે આ ત્રણ અનાદિ છે.

**બીજો** - એ નિર્ણય કરવો કે આ તેરણને અનાદિ જાણીને જ વ્યક્તિની ઉન્નતિ થાય છે.

**ત્રીજો** - આમાં જે સંશય કે ભ્રાંતિ હોય તો તેને દૂર કરવા.

**ચોથો** - ગુણ, કર્મ, સ્વભાવ આ ત્રણનું નિશ્ચિત જ્ઞાન માનવું, માનવું અને તેવો જ તેની સાથે વ્યવહાર કરવો.

**પાંચમો** - આ નિશ્ચિત જ્ઞાનને સ્થિર બનાવી રાખવાનો પૂર્ણ પ્રયાસ કરવો.

૩૯ ઈશ્વર કેવી વિચિત્ર વસ્તુ છે કે જે ન હલે છે કે ડોલે છે પરંતુ પ્રકૃતિના પરમાણુઓને ક્રમથી જોડીને કેવા પદાર્થ બનાવે છે, તે પદાર્થને ક્યા સ્થાને વ્યવસ્થિત રાખવા, જીવોને ગતિ દેવી આદિ સર્વ કાર્ય કરે છે. ઈશ્વર સિવાય એવી કોઈ વસ્તુ નથી જે હાલ્યા-ડોલ્યા વિના કોઈ કાર્ય કરી શકે. અન્ય વસ્તુઓનું હાલવા-ડોલવાનુ સામર્થ્ય પણ ઈશ્વર-પ્રદત્ત છે. આ સામર્થ્ય વિના તે એ પદાર્થ નિષ્ક્રિય રહેશે. ઈશ્વર વિષયના અમુક પ્રશ્નો જેવા કે -

(૧) ઈશ્વર છે યા નથી, તેના હોવાની આવશ્યકતા શું છે ?

(૨) જો ઈશ્વર છે તો કેવા છે ?

(૩) તેની પ્રાપ્તિથી શું લાભ થાય છે ?

(૪) તેની પ્રાપ્તિના સાધન શું છે ?

(૫) તેની પ્રાપ્તિમાં બાધકશું છે ?

આદિ સમસ્ત વિષયો પ્રશ્નોના જવાબ રૂપે અત્યંત પુરુષાર્થથી નિશ્ચિત સિદ્ધ થાય છે અને નિશ્ચિત જ્ઞાન ન હોવાથી ઘણીવાર મોટી સમસ્યા ઉભી થાય છે.

૪૦ મનુષ્ય પોતાના વિચારો અને સંસ્કારોના આધાર પર જ ઉભો છે. જો અત્યંત પુરુષાર્થ કરે તો આ વિચારો, સંસ્કારોને પરિવર્તન કરી ઉન્નતિના શિખર સુધી પહોંચી શકે છે.

૪૧ ઈશ્વર ન્યાયકારી છે. તેવા કોઈ એક ગુણને જો વ્યક્તિ વ્યવહારિક રૂપમાં જાણી લે છે તો ત્યારે તે ઈશ્વરની સાથે ઉચિત વ્યવહાર કરે છે. વિભિન્ન યોનિઓનું નિર્માણ, સુખ-દુઃખમાં ભિન્નતા આદિ દ્વારા ઈશ્વરનું ન્યાયકારી સ્વરૂપ જોવા મળે છે.

૪૨ ઈશ્વર અને જીવના છ સંબંધો છે - ૧. પિતા-પુત્ર ૨. માતા-પુત્ર ૩. ગુરુ-શિષ્ય ૪. ઉપાસ્ય-ઉપાસક ૫. રાજા-પ્રજા ૬. વ્યાપક-વ્યાપ્ય. જે વ્યક્તિ આ છ સંબંધોને પોતાના જીવનમાં ક્રિયારૂપે લાવે છે, તે જીવનમાં ઉન્નતિ કરે છે અને યોગી બને છે. આ સંબંધો સ્વયં ઈશ્વરે બનાવ્યા છે, મનુષ્યે નહીં. આ સંબંધ ત્રણેય કાળમાં રહે છે. ન તેનો કોઈ પ્રારંભ છે કે ન અંત છે. જે વ્યક્તિ આ પ્રકારે જાણ છે તે માન-અપમાન, લાભ-હાનિથી વ્યથિત થતો નથી. તે સર્વને પોતાના આત્મા તુલ્ય માને છે. કારણ કે ઈશ્વરની સાથે આપણાં આ સંબંધને કારણે આપણે સૌ ભાઈ-ભાઈ છીએ.

(ક્રમશઃ)

# નારીના જીવન સાથે સીધા સંકળાયેલા સામાજિક દુષણો સામે કોણ અવાજ ઉઠાવશે?

લાચાર અને વિચાર બંને ભેગા રહી શકતા નથી. લાચાર વ્યક્તિ તંદુરસ્ત વિચાર કરવામાં સક્ષમ હોતો નથી. લાચારી એ દુઃખ છે. લાચારીનું દુઃખ વિચારોની અભિવ્યક્તિ કરવામાં આળસુ સિદ્ધ થાય છે. તેમાંય એક નારીની લાચારી તેની નબળાઈને વધુ ઉજાગર કરે છે. સામાજિક દુષણો સામે ક્રાંતિના નારા ફૂંકતા સમાજ સેવકો અને સમાજિક સંસ્થાનોએ સજાગ થવાની તાતી જરૂરિયાત છે. આજે ભારતીય સમાજ સ્વયં ધાર્મિક સમાજની ઓળખ ધરાવે છે ત્યારે ધાર્મિક સમાજ સ્વયં નારી ઉત્પિડન દૂર કરવા કરતાં નારી ઉત્પિડનમાં વધુ ઉત્સુક દેખાય છે. ત્યારે નારીના જીવન સાથે સીધા સંકળાયેલા સામાજિક દુષણો સામે કોણ અવાજ ઉઠાવશે ? ઈશ્વરના ભરોસે જીવનાર ને સ્વયં પોતાના પર ક્યારે ભરોસો આવશે ? તાંત્રિકો અને જ્યોતિષીઓના ચક્કરમાં રંગીન પથ્થરોના નંગ વાળી વીંટીઓ પહેરીને ખોટી આશાઓ અને ખોટા ઉમંગોમાં જીવનાર વ્યક્તિ સમસ્યાઓના મૂળમાં જવાનો વિચાર પણ કરતો નથી. નારી જીવનમાં ઉત્પિડન સાથે સંકળાયેલ સામાજીક દુષણોને ઉજાગર કરતી એક સત્ય ઘટના દહિંસર મુંબઈમાં જોવા અને જાણવા મળી ત્યારે ચિંતનની ચિનગારીને કલમનો સાથ મળ્યો...

સમગ્ર ગુજરાત જ્યારે શીતળા સાતમ-આઠમના શીતળ (ઠંડા) વાસી ભોજનમાં વ્યસ્ત અને મસ્ત હતું તે દરમ્યાન હું મુંબઈના દહિંસર ખાતે આનંદ નગરમાં યોગ શિબિરનું સંચાલન કરી રહ્યો હતો. અને રાત્રી દરમ્યાન સોસાયટીના લોકો માટે સાર્વજનિક વૈદિક પ્રવચનનું પણ આયોજન હતું. મને સૂચના મળી કે પ્રવચનથી પ્રભાવિત થઈ એક પરણીત યુવતી આપને મળવાની અપેક્ષા રાખે છે. મેં સહમતી આપતાં બીજે જ દિવસે આશરે ૩૦ વર્ષની યુવતી યજમાન પત્ની સાથે મને મળવા આવી. અજાણ્યા લોકો જ્યારે મળવાની ઈચ્છા કે અપેક્ષા રાખે ત્યારે અનુભવોના આધારે તેઓ 'દુઃખી

## ચંદ્રેશ ચિંતન

- ચંદ્રેશ આર્ય - ગાંધીધામ (૧)



મન' જ હોય છે. સુખી લોકો મળવાની અપેક્ષા ઓછી રાખે છે. સહુની સાથે બેસીને લગભગ આશરે બે કલાકના યુવતી સાથેના વાર્તાલાપમાં તેણીની વ્યથા અને પીડા ને જાણવાની કોશીષ સૌએ કરી. મૂળ મારવાડ કૂળની અને મુંબઈમાં રહેતી યુવતીની ઈચ્છા વિરૂદ્ધ ૧૪ વર્ષે જ લગ્નનાં બંધનમાં બાંધવામાં આવેલ હતી. અનિચ્છા એ બંધન સ્વીકારવા છતાં પણ સાસરિયામાં સુખ તો સો જોજન દૂરથી પણ ન મળ્યું. કારણ કે પતિએ પહેલા-પહેલાં તો પ્રેમ કર્યો અને ફલાઈટોની ફલાઈંગોમાં ફેરવ્યા પણ પછી પતિએ પોતાના અસલી સ્વરૂપને ઉજાગર કર્યું.

તેણીએ પાંચમાં ધોરણમાં ભણતી પોતાની દશ વર્ષની પુત્રીને આગળ કરતાં જણાવ્યું કે આના માટે જીવું છું. અન્યથા આજે હું તમારી સમક્ષ ના હોઉં. મારા પતિ બહું અતિ દારૂ પીએ છે. જેની કોઈ લીમિટ નથી. અને સાથે અફીણ જેવા માદક દ્રવ્યોનું સેવન પણ કરે છે. અને હું જ્યારે વિરોધ કરું છું કે તેમાં અડચણ ઉભી કરું તો મને ખૂબ જ ઢોરની જેમ મારે છે. દારુના નશામાં તેમને ખબર નથી પડતી કે શું મારવું કે શું ન મારવું ? એક વખત તો તેમણે મને ૨૦ ફૂટ ઉંચા માળથી નીચે ધક્કો માર્યો પણ હું બચી ગઈ છું. ૧૫ વર્ષથી આવી વિકટ પરિસ્થિતિ વચ્ચે હું બે-ત્રણ વાર પિયર આવી ગઈ અને પછી પણ ગઈ. તેમણે સુધારાને નામે નકરા ખોટા નાટક કરી મને અનેકોવાર છેતરી છે. મારી માફી માંગે છે અને પગે પડે છે કે હવે ફરી વાર આવું નહિં થાય. પણ ફરીથી બે-ત્રણ મહિના પછી ફરી ફરીને એ જ પરિસ્થિતિ આવીને ઉભી રહે છે. મારા માટે આજથી પંદર વર્ષ પહેલાં મારા લગ્નમાં મારા પિતાજીએ પંદર લાખ કરતાં પણ વધારે દહેજ આપ્યું છે. છતાં ઓછું પડે છે. હું મારા પિયરમાં પણ હવે અપ્રિય થઈ ગઈ છું કારણ કે અમારા કૂળમાં દિકરીઓને બોજ કે ભાર સમજી જલ્દી નાની ઉંમરમાં કે બાળપણમાં જ લગ્ન કરાવી દેવામાં આવે છે. આવા જ ઘટનાક્રમમાં મારા સગા ફઈની દિકરી પણ દિવંગત્ થઈ ગઈ અને આજે તેના ત્રણ બાળકો બીજાઓના વાસણોની સફાઈ કે મજુરી કરી પોતાનું ગુજરાન સગાઓ સાથે વિતાવે છે. મારા માતા-પિતા, ભાઈ-ભાભી પણ એવું જ ઈચ્છે છે કે આપણાં સમાજમાં દિકરી તો સાસરિયામાં જ શોભે. પછી ભલે ત્યાં ગમે તેવી વિકટ અને ગંભીર પરિસ્થિતિ કે ન હોય. કેમ કે અમારા ઘરમાં પણ દરેક પુરુષ દારૂ પીવે છે. અને મેં પણ જોયેલું છે કે મારા પિતા દારૂ પી ને મારી માતાને પણ મારતા હતા. જૂઠી ખાનદાનીને બચાવવા અને બદનામીથી બચવા મારો પિતૃપક્ષ મને ખામ પંચાયતના નિર્ણયને માનવા દબાણ કરે છે. અને મારા ભાઈ માટે સારા દહેજ સાથે અમીર ઘરની કન્યા મળે તે માટે મને પરત ગમે તેવી પરિસ્થિતિમાં પતિપક્ષે જવા ભારે દબાણ કરે છે. મારી ભાભી દર અઠવાડીયે મારા સાસરા પક્ષના સગાઓને મળવા જાય છે. મારા પક્ષે કોઈપણ સગા-સંબંધી કે હિતેચ્છુ બોલે અથવા સહાનુભૂતી દર્શાવે તો તેની સાથે મારા પિયરવાળા સંબંધ જ કાપી નાંખે છે. હું ચારે-તરફથી એકલી અટૂલી સમસ્યા સામે સંઘર્ષ કરી રહી છું. હવે અલગ એક ફ્લેટમાં મારી પુત્રી સાથે રહું છું. મજબૂરી અને લાચારીમાં ફેશન ડીઝાઈન નો કોર્સ શીખવાની મહેનત કરી રહી છું અને મારી ૧૦ વર્ષની પુત્રીની જીંદગીને આવા અપવિત્ર દુષણોના રાક્ષસથી બચાવવા મહેનત કરી રહી છું અને બ્રહ્માકુમારી કેન્દ્રમાં ધ્યાન અને સત્સંગમાં જાઉં છું આપના પ્રવચન (સત્સંગ) સાંભળી આપનામાં શ્રદ્ધા ઉત્પન્ન થતાં આપની સલાહ-સૂચન લેવા આવી છું કે મારો આ નિર્ણય બરાબર છે કે નહિં ? કૃપયા આપ મને માર્ગદર્શન આપો.

(ક્રમશઃ)

# બ્રહ્મજ્ઞાન કોઈપણ સાધક અધિકારી બની પ્રાપ્ત કરી શકે છે

### મહાકવિ રવીન્દ્રનાથ અને ઉપનિષદ્

મહાકવિ રવીન્દ્રનાથ કહે છે - ઉપનિષદમાં કહ્યું છે, **"स तपोऽतप्यत स तपस्तप्त्वा सर्वमसृजत् यदिदं किंच ।"** (તૈતિરીય ૨, બ્રહ્મવલ્લી, ૬ અનુ.) તેણે તપ કર્યું અને તે તપથી સૃષ્ટિ કરી. ઈશ્વરનું તપ જ દુઃખ રુપથી પૃથ્વી પર વિરાજે છે. ભલે આંતરિક જગતમાં હોય કે બાહ્ય જગતમાં. કોઈ ચીજનું સૃજન આપણે તપથી જ કરી શકીએ છીએ. જન્મનો આધાર વેદના છે. ત્યાગના માર્ગથી જ લાભ સુધી પહોંચી શકાય છે. જે કંઈ અમર છે, તેને પ્રયત્નોની સીડી પર ચઢીને જ પ્રાપ્ત કરી શકાય છે. આ પ્રમાણે આપણે ઈશ્વરની તપસ્યાનું વહન કરીએ છીએ. તે જ તપનો દાહ નિતનવા રુપમાં માનવીય અંતઃકરણમાં પ્રકાશિત થાય છે. આ તપસ્યા આનંદનો જ ભાગ છે. આથી એક પક્ષથી ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે - '**आनन्दाद्धयेव खल्विमानि भूतानि जायन्ते ।**' આનંદથી જ પ્રાણીમાત્રની ઉત્પત્તિ થઈ છે. તો પૃથ્વીનો આટલો ભારી દુઃખનો બોજ કોઈ સહે કેવી રીતે ? **ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् ।** (तैत्तिरीय ૨.૭) ખેડુત ખેતી કરીને પાક ઉતારે છે. જેટલી મોટી તેની તપસ્યા, તેટલો જ તેનો ગંભીર આનંદ હોય છે. ચક્રવર્તી રાજાનું સામ્રાજ્ય-નિર્માણ મહાન દુઃખ છે તો મહાન આનંદ પણ છે. દેશભક્ત પોતાની પ્રાણાહુતિથી રાષ્ટ્રને ઘડે છે, એમાં જ એનો ચરમ-આનંદ છે. આવી જ હોય છે પ્રેમીની પ્રિયતમ માટેની સાધના, આવું જ હોય છે જ્ઞાનીનું જ્ઞાનાર્જન.

ઉપનિષદોમાં કહેવામાં આવ્યું છે કે બ્રહ્મજ્ઞાન કોઈપણ સાધક અધિકારી બની પ્રાપ્ત કરી શકે છે. મોક્ષ આત્માના સ્વરુપની અભિવ્યક્તિ જ છે. આ આત્મ-સાક્ષાત્કાર અથવા આત્માનું જ્ઞાન આત્માની પરિશુદ્ધિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. (બ્રહદા.ઉપ.૪/૫/૧૯)

મોક્ષ પણ માનવનો પ્રાપ્ય ધર્મ છે. મોક્ષ તેની જ સાધનાનું ફળ છે. મોક્ષને અથવા આત્મ-તત્વને અનિર્વચનીય, જીવનથી પરની વસ્તુ સમજી સીમિત કરી નાંખ્યું છે. આથી તેનો નિત્ય જીવન સાથેનો સંબંધ તૂટી ગયો. વાસ્તવમાં આત્મતત્વની આવશ્યકતા અને પ્રેરણા આ લોક માટે પણ છે. આ માનવમાં શ્રેષ્ઠતાનું ઉન્નયન કરે છે. આ જ્ઞાનની પ્રાપ્તિ અને આત્મ-તત્વનો વિકાસ મનુષ્યના પ્રમાદરહિત થયે જ થાય છે. (મુંડક ઉપનિષદ ૨/૨/૪)

ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે - અશુભને શુભમાં બદલી નાંખવું જ માનવની શ્રેષ્ઠતા છે. આનાથી બ્રહ્મની ઉપલબ્ધિનો માર્ગ પ્રશસ્ત થાય છે તથા 'સ્વ' અને 'પર' નું કલ્યાણ થાય છે. કર્મયોગી બની સંસારની ઉપેક્ષા કરી શકાતી નથી, કારણ કે સંસાર ઉપનિષદો અનુસાર બ્રહ્મરુપી છે.

### સંતુલિત સામંજસ્ય અપેક્ષિત

સ્વભાવતઃ જીજ્ઞાસા થાય કે શું ઉપનિષદ બ્રહ્મ, આત્મતત્વનો સાક્ષાત્કાર અને આ સાંસારિક જીવનથી દૂર મુક્તિ પ્રાપ્ત કરવાનો પરામર્શ આપે છે ? ભારતીય વૈદિક સંસ્કૃતિ અને ઉપનિષદો આ સંસારનો ત્યાગ કરી મુક્તિનો માર્ગ નથી દેખાડતી, પરંતુ માનવ-જીવનમાં સમુચિત સામંજસ્ય કરવાનો સત્પરામર્શ કરે છે. ભારતીય સંસ્કૃતિના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર આધાર-સ્તંભ કહેવામાં આવ્યાં છે. તેને 'चतुर्विद्याः पुरुषार्थाः' પણ કહેવામાં આવેલ છે. *આપણી સંસ્કૃતિની શીખ છે ધર્મપૂર્વક અર્થનું સંપાદન કરો. ધર્મપૂર્વક કામનું સંપાદન કરો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ જ જીવનનું લક્ષ્ય અને આધાર છે.* ધર્મની મર્યાદા માટે અર્થ અને કામનો મર્યાદિત પ્રયોગ કરો. અભ્યુદય માટે વ્યક્તિ ઉચિત સાધનોથી અધિકતમ કમાય, તે વ્યક્તિ પરિવાર, સમાજ, માનવતાના કલ્યાણ અને અભ્યુદય માટે સર્વ પ્રકારની ઉંચામાં ઉંચી કામનાઓ કરે, પરંતુ તે અર્થ અને કામનાઓને ધર્મની મર્યાદા અનુસાર પ્રયોગ કરે. જીવનમાં સંતુલન અને સામંજસ્ય શા માટે અભીષ્ટ છે, તેના સંદર્ભમાં એક ઐતિહાસિક ઘટના શીખ આપે છે.

દૂધપીતો પુત્ર રાહુલ, પત્ની અને કપિલવસ્તુ રાજ્યનો મોહ છોડી યુવરાજ સિદ્ધાર્થ તપસ્યા માટે ચાલી નીકળ્યા. તેમણે યોગ-સાધના શીખી, સમાધિ લગાવી, કેવળ તલ-ચોખા ખાઈ કઠિન તપ શરું કર્યું, અન્નની માત્રા થોડી કરી નાંખી, જેનું પરિણામ એ આવ્યું કે શરીર સુકાઈને કાંટો થઈ ગયું. કઠિન તપ કરતા કરતા છ માસ વીતી ગયા, પરંતુ સિદ્ધાર્થની તપસ્યા ફળીભૂત ન થઈ. એક દિવસ કોઈ એક નગરથી સમવેત સ્વરોમાં ગાતી કેટલી સ્ત્રીઓ ત્યાંથી પસાર થઈ. તેઓના સમવેત મધુર સ્વરોનો બોલ હતો -

**वीणा के तार ढीले न छोडो, स्वर सुरीला न निकलेगा ।**

**वीणा के तार इतने कसो भी नही कि वे चरमरा-जाए-टूट जाए ॥**

વાત સિદ્ધાર્થને સ્પર્શી ગઈ. તે ગીતના બોલે શીખ આપી કે જીવન માટે નિયમિત સંતુલિત આહાર-વિહાર જોઈએ, જીવન ત્યારે જ સચવાશે જ્યારે તેમાં અતિ ન હોય. આ માટે કોઈ મધ્યમમાર્ગ અપનાવવામાં આવે. આ પ્રમાણે ઉપનિષદોમાં શીખ આપવામાં આવી છે- આ ગતિશીલ સંસાર જગન્નિયન્તાથી ઓતપ્રોત છે, આ શાશ્વત સત્યને હ્દયંગમ કરી આપણે અભ્યુદય, નિઃશ્રેયસ અને સદ્ગતિના માર્ગ પર ચાલીએ. (**ईशावास्यमिदं सर्वं यत्किंच्च जगत्यां जगत्**) (ईश उप.१/१) *આ સર્વ કંઈ જગન્નિયન્તાનું આપેલું છે, પોતાના પરિશ્રમ કે વિરાસતમાં મળેલ સંપદા કે સંપતિ આપણી નથી, આપણે માત્ર તેના ન્યાસી કે ટ્રસ્ટી છીએ. આથી જગન્નિયન્તાએ આપેલ સંપદાનો આપણે ત્યાગપૂર્વક ઉપભોગ કરીએ.* (**तेन त्यक्तेन भुज्जीथाः मा गृधः कस्य स्विद्धनम् ।** ईश. उप.१/१) આની સાથે જ સાધક સાથે સત્પરામર્શ કરવામાં આવ્યો છે - આ સંસારમાં કર્મો કરતા રહી સો વર્ષ જીવવાની ઈચ્છા કરો. **कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतꣳसमाः ।** ईश उप.२. ઉપનિષદોની શિક્ષા દ્વારા એ સત્પરામર્શ પણ આપવામાં આવ્યો છે કે કેવળ સાંસારિક ભૌતિક વિદ્યાઓમાં પારંગત બની પ્રેયશાસ્ત્રમાં નિષ્ણાત બનવું કલ્યાણ નથી, પરંતુ સાંસારિક પ્રપંચોથી દૂર મોક્ષોપયોગી વિષયો-શ્રેયશાસ્ત્રમાં પણ ગતિ હોવી જોઈએ. ઈશોપનિષદમાં પ્રેયશાસ્ત્રને અસંભૂતિ-અવિદ્યા શબ્દોથી તથા શ્રેયશાસ્ત્રને અવિનાશશીલ સંભૂતિ-જ્ઞાન સ્વરુપી-વિદ્યા શબ્દોથી કહેવામાં આવેલ છે. માનવના સાચા અભ્યુદયને માટે તેને ભૌતિક અને આધ્યાત્મિક માર્ગોનું અવલંબન કરવું જોઈએ, તેનો સંતુલિત સામંજસ સ્થાપિત કરવો જોઈએ. अविद्यया मृत्युं **तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ।** ईश.उप.१२. તપ વિદ્યાથી અપૂર્ણતાઓ દૂર કરો, વિદ્યાથી મુક્તિ પ્રાપ્ત કરો.

### સર્વત્ર એક જ આત્માના દર્શન કરો

યાજ્ઞવલ્ક્ય ઋષિની બે પત્નીઓ હતી- મૈત્રેયી અને કાત્યાયની. તેમણે બંને પત્નીઓને કહ્યું - 'હું હવે ગૃહત્યાગ કરી વિરક્ત બનવા ઈચ્છું છું. આથી મારી બધી સંપદા તમે બંનેમાં વહેંચવા માંગુ છે.' કાત્યાયની સીધી સાદી હતી, કંઈ ન બોલી, પરંતુ વિચારશીલા મૈત્રેયી બોલી - 'જો પૃથ્વીની બધી સંપદા મળી જાય તો શું મને સાચું સુખ કે મુક્તિ મળશે ખરી ?' ( **यन्तु म इयं भगोः सर्वा पृथिवी वित्तेन पूर्णा स्यात्कथं तेनामृताः स्यामिति ।** बृहदा. ૨/૪/૨) યાજ્ઞવલ્ક્યનો જવાબ હતો - 'નહીં મૈત્રેયી, ધન-સંપદાથી સાચું સુખ નહીં મળી શકે. ધનથી તું વિલાસી જીવન વ્યતીત કરી શકે છે, પરંતુ મુક્તિ કદી નહિ.' ( **अमृतत्वस्य नाऽऽशास्ति वित्तेन ।** - वृहदा.२/४/२)

**મૈત્રેયી બોલી - 'જો પૃથ્વીની બધી સંપદા મળી જાય તો શું મને સાચું સુખ કે મુક્તિ મળશે ખરી ?'**

**યાજ્ઞવલ્ક્યનો જવાબ હતો - ' નહીં મૈત્રેયી, ધન-સંપદાથી સાચું સુખ નહીં મળી શકે. ધનથી તું વિલાસી જીવન વ્યતીત કરી શકે, પરંતુ મુક્તિ નહિં'**

મૈત્રેયીએ કહ્યું - 'તો પછી હું આ સંપતિને શું કરીશ, જે ધનથી મને સાચું સુખ મળી ન શકે. મને તો અમરતાનો માર્ગ દેખાડો.' યાજ્ઞવલ્ક્યએ મૈત્રેયીને સાચું સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ દેખાડતાં કહ્યું - 'પતિ હોય, પત્ની હોય, પુત્ર હોય, બધા પોતાના માટે જ પ્યાર કરે છે. કોઈપણ પ્રાણી-મનુષ્ય ધન-સંપત્તિ કે પદાર્થને ત્યારે જ પ્યાર કરે છે જયારે તેનો તેની સાથે લગાવ હોય. તેની સાથે આત્માનો સંબંધ છે, આથી જ આ આત્માનો જોવો જોઈએ.' ( **आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यो मैत्रेय्यात्मनो वा अरे दर्शनेन मत्या विज्ञानेनेदं सर्वं विदितम् ।** - बृहदा. २/४/५ ) જે રીતે શંખ વગાડવાથી શંખની અવાજ પકડમાં આવી શકતી નથી, પરંતુ જો શંખને કે શંખ વગાડનારને પકડી લેવામાં આવે તો શંખની અવાજ પકડમાં આવી શકે છે. ( **स यथा शंखस्य ध्मायमानस्य न बाह्याग्शब्दान् शक्नुयाद् ग्रहणाय शंखस्य तु ग्रहणेन शंखध्मस्य वा शब्दो गृहीतः ।** -बृहदा.२/४/८ ) આથી જ આત્માને પકડવો જોઈએ. બધી જગ્યાએ એક જ આત્માનું દર્શન કરવું જોઈએ. જયારે બધું એક આત્મા જ થઈ જાય તો તેને જોવા-સાંભળવાનો પ્રશ્ન જ નથી. બધી બાજુ આનંદ જ આનંદ હશે. ( **यत्र वा अस्य सर्वमात्मैवाभूत्केन कं जिघ्रेत्केन कं पश्येत् ।** -बृहदा.२/४/१४)

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com